જામનગર મહાનગરપાલિકા સંચાલિત
# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ – જામનગર
જયુબિલી ગાર્ડન, ફાયર બિલ્ડીંગની બાજુમાં,મહાનગરપાલિકા કમ્પાઉન્ડ
સ્થાપના વર્ષ :–૦૪–૦૭–૧૯૬૬
Email : aomsb.jamnagar1@yahoo.com
Website: http://npssjamnagar.in
(0288) 2676631

મકમ/મુ.શિ./ઓફલાઈન/જફબ/૨૦૨૪–૨૫/ ૧૫૧૭ થી ૧૫૭૧

તા. ૨૪–૦૧–૨૦૨૫

પ્રતિ

(૧) માન.જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (સબંધિત)
જીલ્લા શિક્ષણ સમિતિ– તમામ

(૨) માન.શાસનાધિકારીશ્રી (સબંધિત)
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ– તમામ

વિષય :– મુખ્ય શિક્ષક જીલ્લા ફેરબદલી કેમ્પ બાબત.

સંદર્ભ :– ૧) આ કચેરીના પત્રક્રમાંક : મકમ/મુશિ/ઓફલાઈન/જફબ/૨૪–૨૫/૧૪૮૫–૧૫૪૦, તા.૨૩–૦૧–૨૦૨૫.

૨) માન.સંયુકત શિક્ષણ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક : પ્રાશિનિ/ક–નીતિ/૨૦૨૫/૧૨–૫૪, તા.૨૪–૦૧–૨૦૨૫.

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ– જામનગર હસ્તકની શાળાઓ માટે મુખ્ય શિક્ષક જિલ્લા ફેરબદલી કેમ્પનું આયોજન આ કચેરી ધ્વારા સંદર્ભપત્ર–૧ થી કરવામાં આવેલ અને તે અંગેની જાણ આપ સાહેબશ્રીની કચેરીને કરવામાં આવેલ છે.

સંદર્ભપત્ર–૨ થી મળેલ સુચના અનુસાર ગુજરાત રાજય ચુંટણી આયોગના તા.૨૧–૦૧–૨૦૨૫ ના પરિપત્રના ક્રમ–૫(અ) માં જણાવ્યા મુજબ આદર્શ આચાર સંહિતા અમલમાં હોઈ ચુંટણી હેઠળના વિસ્તારોમાં ચુંટણીની કામગીરી સબંધમાં અધિકારીશ્રી / કર્મચારીઓની રજા મંજુર તેમજ બદલી કરી શકાશે નહી તેમ જણાવેલ હોઈ તે મુજબ કાર્યવાહી કરવા જણાવેલ છે. તેથી શિક્ષણ વિભાગની આગામી સુચના ન મળે ત્યાંસુધી HTAT મુખ્યશિક્ષકના જિલ્લા ફેરબદલી કેમ્પ અંગેની હાલ કાર્યરત કાર્યવાહી સ્થગિત કરવા જણાવવામાં આવેલ છે.

ઉપરોકત વિગતે આ કચેરી ધ્વારા સંદર્ભપત્ર–૧ થી રાખવામાં આવેલ મુખ્ય શિક્ષક જિલ્લા ફેરબદલી કેમ્પ હાલ સ્થગિત રાખવામાં આવે છે. આ અંગેની જાણ આપના જીલ્લા / નગરપાલિકામાંથી જિલ્લા ફેરબદલી કેમ્પમાં આવનાર સબંધીત કર્મચારીઓને આપશ્રીની કક્ષાએથી થવા વિનંતિ છે.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
જામનગર

નકલ સાદર રવાના જાણ સારું :–

૧) માન.કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકા
૨) માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુ.રા.ગાંધીનગર
૩) માન.પ્રિન્સીપાલશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,દરેડ–જામનગર
૪) માન.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગર
૫) માન.અધ્યક્ષશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, જામનગર